PROOF

# જાહેરનામું

## પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૮ /૨૦૧૯, તા. ૧૮ /૦૫/૨૦૧૯

હું, એ.કે.સિંઘ IPS, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અન્વયે રાણીપ બસ સ્ટેન્ડના પ્રવેશ દ્વાર સામે મેટ્રો રેલ બાંધકામની કામગીરી અનુસંધાને તા.૧૮/૧/૨૦૨૦ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી જે હેતુસર તે વિસ્તારમાંનો નીચે જણાવ્યા મુજબનો માર્ગ ઉપર ચાલતુ ટ્રાફિક ડાયવર્ટ કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત રાણીપ બસ સ્ટેન્ડના પ્રવેશ દ્વારની જમણી બાજુ (અક્ષાંશ-રેખાંશ: ૨૩.૦૬૭૭૪૨,૭૨.૫૭૫૦૯૬) થી બાબા સાહેબ આંબેડકર મ્યુઝિયમ લાયબ્રેરીના મુખ્ય ગેટની સામેના ભાગ (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૬૭૭૫૫,૭૨.૫૭૭૦૪૬) સુધી રાણીપ બી.આર.ટી.એસ. કોરીડોરની જમણી બાજુના ભાગે બેરીકેડીંગ કરી સામાન્ય રીતે વાહન વ્યવહાર પસાર થઇ શકે તેટલો રસ્તો ખુલ્લો રાખી બાકીનો રસ્તો બેરીકેડીંગ કરી બંધ રહેનાર છે.

**વૈકલ્પિક રૂટ :**

રાણીપ જી.એસ.આર.ટી.સી. બસ સ્ટેન્ડ ખાતે આવતી એસ.ટી. બસોને બસ સ્ટેન્ડમાં જવા માટે બસ સ્ટેન્ડના પ્રવેશ દ્વારની સામેના ભાગે મેટ્રો પી. નં. ૩૮૧ થી ૩૮૨ વચ્ચેના ખુલ્લા કટનો ઉપયોગ કરવાનો રહેશે. રાણીપ ગામ તરફથી અખબારનગર તથા આર.ટી.ઓ. તરફથી રાણીપ ગામ તરફ અવર-જવર કરવા માટે ડી-માર્ટની સામેના ત્રણ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. આર.ટી.ઓ. સર્કલ તરફથી અખબારનગર સર્કલ તરફ જતી બી.આર.ટી.એસ. બસ રાણીપ બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ સુધી બી.આર.ટી.એસ. કોરીડોરનો ઉપયોગ કરી શકશે. પરંતુ અખબારનગર થી આર.ટી.ઓ. સર્કલ તરફ જતી બી.આર.ટી.એસ. બસોએ મિક્ષ ટ્રાફિકમાં જવાનુ રહેશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમિયાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૧૮/૧/૨૦૨૦ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૮/૫/૨૦૧૯ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

તા.૧૮/૫/૨૦૧૯
અમદાવાદ શહેર

**( એ.કે.સિંઘ )**
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા